# આનંદનું દ્વાર

સુજાતા રિંગાવા

ચાર વર્ષ સુધી મારી રીતે જ મારી આધ્યાત્મિક યાત્રા પર ચાલ્યા પછી, વર્ષ ૧૯૭૮માં મેં બાબા મુક્તાનંદ સાથે મારી પ્રથમ શક્તિપાત ધ્યાનશિબિરમાં ભાગ લીધો. બાબાજી વિશે મેં મારા પતિ માર્સેલ પાસેથી જાણ્યું હતું, જે વર્ષ ૧૯૭૪થી સિદ્ધયોગની શિખામણોનું અનુસરણ કરી રહ્યા હતા, પણ મને લાગતું હતું કે કોઈ વિશેષ પથ પ્રત્યે પ્રતિબદ્ધ થવા વિશે મારે સચેત રહેવું જોઈએ. તેમ છતાં, સમયની સાથેસાથે, મારામાં બાબા મુક્તાનંદ વિશે જાણવાની ઉત્સુકતા વધી અને એ જાણવાની પણ કે કેલિફોર્નિયાના ઑકલૅન્ડમાં સ્થિત સિદ્ધયોગ આશ્રમમાં થનારી શક્તિપાત ધ્યાનશિબિરમાં મારા માટે શું ઉજાગર થશે.

ધ્યાનશિબિર દરમ્યાન મને જે પ્રાપ્ત થયું હતું તેની મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. ધ્યાનશિબિરના એક ધ્યાનસત્રમાં, જ્યારે બાબાજી ધ્યાન હૉલમાં સહભાગીઓની પાસે જઈને તેમને શક્તિપાત દીક્ષા આપી રહ્યા હતા ત્યારે તેમણે મારા માથા પર સ્પર્શ કર્યો. જેવો તેમણે સ્પર્શ કર્યો કે તરત જ મને એવી લાગણી મહસૂસ થઈ કે હું અંતરમાં ખૂબ જ ઊંડે ઊંડે ઊતરી રહી છું. મારા અંતરના સૌથી ગહન સ્થાન પર પહોંચીને મેં એક દ્વાર જોયું. આ દ્વાર ઉપર હું મારા એ સીમિત દૃષ્ટિકોણને જોઈ શકતી હતી, જેનાથી હું સ્વયંને જોતી હતી અને જે મારી બધી સ્વયં વિશે બનાવેલી મારી ધારણાઓ અને આલોચના કરવાની ટેવોથી રંગાયેલું હતું. પછી એ દ્વાર ખૂલ્યું અને મેં મારા સાચા આત્માનાં દર્શન કર્યા — પોતાની અસીમિત યોગ્યતા, સારપ અને પ્રકાશ.

એ સપ્તાહના અંતે મારી અંદરથી આનંદ અને નવી સમજના મારા વિશે થયેલા આ રહસ્યોદ્‌ઘાટનને કારણે અશ્રુધારાઓ વહેતી રહી.

ધ્યાનશિબિરના સમાપન વખતે જ્યારે બાબાજી દર્શન આપી રહ્યા હતા ત્યારે માર્સેલે તેમની સાથે મારો પરિચય કરાવ્યો. મેં મારા પતિને કહ્યું હતું કે તેઓ બાબાજીને જરૂરથી કહે કે હું કેટલી ખુશ છું અને એ પણ કહે કે હું આ ધ્યાનશિબિરના ચાર વર્ષ પહેલાંથી તેમને ઓળખું છું.

જ્યારે માર્સેલે બાબાજીને એ કહ્યું જે મેં તેમને કહ્યું હતું, તો બાબાજીએ પોતાના ચશ્મા તેમના નાક પર નીચે સરકાવ્યા અને તેના ઉપરથી મારી તરફ જોયું. તેમણે કહ્યું, “જોયું! જો તેં ચાર વર્ષ પહેલાં ધ્યાનશિબિરમાં ભાગ લીધો હોત તો આટલાં વર્ષ આ જ રીતે ખુશ રહી હોત, ખરું ને!”

બાબાજીના એ શબ્દો સીધા મારા હૃદયમાં ઊતરી ગયા અને મારી અંદર મોટું પરિવર્તન શરૂ થઈ ગયું. હું જોવા લાગી કે અત્યાર સુધી હું કેવી રીતે પોતે જ વિચારી રહી હતી કે હું અલગ છું અને આ પ્રકારના વિચારો અને કલ્પનાઓને કારણે હું જ મારી ખુશીને નષ્ટ કરી રહી હતી. મેં જોયું કે મારો આનંદ કોઈપણ બહારની વસ્તુ પર નિર્ભર નથી. પ્રથમ શક્તિપાત ધ્યાનશિબિરમાં ભાગ લીધાને મને હવે ૪૦ વર્ષ કરતાં પણ વધારે થઈ ગયાં છે અને મંત્રજપ તેમજ ધ્યાનના કૃપાપૂરિત અભ્યાસો દ્વારા હું આનંદના આ અંતર દ્વારને ખોલતી રહી છું.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.